**આંક–૧૧**

# <u>શ્રી ડી.પી.પુંજાણી, કામદાર વળતર ધારા હેઠળના કમિશ્નર, મજુર અદાલત ભરૂચ સમક્ષ</u>

**વ.કો.ડીસ્ટ્રીબ્યુશન નં–૧૦/૨૦૨૬**

<u>અરજદાર</u> : (૧) Bajaj Allianz General Ins. Co. Ltd.,
GE Plaza, Airport Road,
Yarawada, Pune–411006.

(૨) Mohan Polyfeb Pvt. Ltd.,
Plot No. 6509–6510,
GIDC Ankleshwar, Dist. Bharuch.

–:– <u>વિરૂધ્ધ</u> –:–

<u>સામાવાળા</u> : ગુજરનાર Avdhesh Singh ના આશ્રિતો
(૧) Soni Avdhesh Singh (ગુજ.ના પત્ની)
(૨) Mansi Avdhesh Singh(ગુજ. સગીર પુત્રી)

**સરનામું**–B–305, Aradhya Avenue,
**Per. Address** : Gadkhol,
Ta. Ankleshwar,
PO ONGC Colony,
Dist.Bharuch–393010.

<u>હાજર રહ્યા</u> : અરજદાર નં–૧ તથા નં–૨ તરફે જાતે.
સામાવાળા તરફે વકીલશ્રી જય એ. પારેખ.

## –:– <u>હુકમ</u> –:–

(૧) હાલના કામે અરજદાર Bajaj Allianz General Ins. Co. Ltd., તરફથી રૂ.૧૦,૯૬,૫૦૦/– તથા Mohan Polyfeb Pvt. Ltd., તરફથી રૂ.૨૬,૦૩,૫૦૦/– ગુજરનાર Avdhesh Singhના અકસ્માત વળતરની રકમ આંક–૨ ની સરનામા પુરસીસ તથા જરૂરી દસ્તાવેજો સહિત કુલ રકમ રૂ.૩૭,૦૦,૦૦૦/–, ચલણ નં–૫૮/૨૫–૨૬ થી પી.ડી.પી.એલ.એ. માં અત્રેની કચેરીમાં ચેકથી જમા કરાવેલ છે. જે ચલણને આંક–૩ આપવામાં આવેલ છે.

ત્યારબાદ અત્રેથી તા.૦૪–૦૨–૨૬ ના રોજ સદર વ.કો.ફે.ડી. નં–૧૦/૨૬ ના કેસમાં જમા રકમ રૂ.૩૭,૦૦,૦૦૦/– ની એફ.ડી. એક વર્ષ માટે બેંક ઓફ બરોડા, સ્ટેશન રોડ, ભરૂચમાં કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ અત્રેથી આંક–૪ થી તા.૨૭–૦૨–૨૬ ના રોજ સદર કામના પક્ષકારોને સ્પીડ પોષ્ટથી નોટીસ કરવામાં આવેલ. જે સામાવાળાની નોટીસનું કવર "એડ્રેસીસ લેફ્ટ" ના શેરાથી પરત આવેલ છે. તે પરત કવર અત્રે આંક–૫ થી રજુ છે.

(૩) સદર કામના સામાવાળા તરફેના વકીલશ્રીએ હાજર રહી આંક–૬ થી તેમનું વકીલાતનામું રજુ કરી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મમાં જરૂરી વિગત ભરી અત્રે પરત કરવામાં આવેલ છે. જે આંક–૭ થી રજુ છે. સદર કામના સામાવાળા તરફે આંક–૮ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | માર્ક–૮/૧/૧ | સોનીસિંહના આધારકાર્ડની નકલ. |
| ૨. | માર્ક–૮/૧/૨ | રાજસિંહના આધારકાર્ડની નકલ. |
| ૩. | માર્ક–૮/૧/૩ | માનસીસિંહના આધારકાર્ડની નકલ. |
| ૪. | માર્ક–૮/૨ | વારસદારોના ફોટા. |
| ૫. | માર્ક–૮/૩ | પેઢીનામાની નોટરી રૂબરની ખરી નકલ. |
| ૬. | માર્ક–૮/૪ | ગુજરનારનો મરણો દાખલો. |
| ૭. | માર્ક–૮/૫/૧ | મરનારના પિતાના મૃત્યુનું પ્રમાણપત્ર. |
| ૮. | માર્ક–૮/૫/૨ | મરનારના માતાના મૃત્યુનું પ્રમાણપત્ર. |
| ૯. | માર્ક–૮/૬/૧ | મરનારના સગા ભાઈ અજયકુમારસિંહના આધારકાર્ડ. |
| ૧૦. | માર્ક–૮/૬/૨ | મરનારના સગા ભાઈ સિંહ સુશીલ શીવલોચનના આધારકાર્ડ. |
| ૧૧. | આંક–૯ | ગુજરનારના પત્ની સોનીસિંહનું સોગંદનામું. |
| ૧૨. | આંક–૧૦ | ગુજરનારના પત્ની સોનીસિંહનું સોગંદનામું. |

(૪) આ કામે ગુજરનારના પત્ની સોનીસિંહનાએ આંક–૯ તથા આંક–૧૦ થી સોગંદનામું રજુ કરી જણાવેલ છે કે, "તેમના પતિ અવધેશસિંગનું ચાલુ નોકરી દરમિયાન તા.૨૭–૦૭–૨૫ ના રોજ મૃત્યુ થયેલું તે બદલ અરજદાર સંસ્થાએ કુલ રકમ રૂ.૩૭,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા સાડત્રીસ લાખ પુરા) નામ. કોર્ટમાં જમા કરાવેલ છે તે તેઓને કબુલ મંજુર હોવાનું તથા સદર કેસ સિવાય અન્ય કોઈ કોર્ટમાં તેઓએ વળતર મેળવવા કેસ કરેલ નથી કે કરવાના નથી તથા રજુ કરેલ પેઢીનામામાં દર્શાવેલ વારસદારો સિવાય અન્ય કોઈ વારસદારો નથી તેવું જાહેર કરેલ છે. સામાવાળા નં–૩ માનસીસિંગ સગીર છે. પુખ્ત વયના થાય ત્યાં સુધીની એફ.ડી. કરવા તથા તેઓ અભ્યાસ કરતાં હોવાથી ભણતર માટે નાણાં ભરવાની જરૂર પડેલ હોય તેવું જણાવેલ છે. ગુજરનારના પિતા શિવલોચન સિંગનું તા.૨૦–૧૧–૧૮ ના રોજ તથા ગુજરનારના માતા શાંતિસિંગનું તા.૨૪–૦૫–૨૪ ના રોજ મૃત્યુ થયેલ હોય જે અંગેના મૃત્યુ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે. ગુજરનારના અજયસિંગ તથા સુશિલસિંગ બે સગા ભાઈઓ હયાત છે અને તેઓ પુખ્ત વયના છે તેઓના આધારકાર્ડ રજુ કરેલ છે. આ તમામ હકીકતો સાચી અને ખરી છે. ગુજરનારના સીધી લીટીના વારસદારોમાં ગુજરનારની પત્ની સોની સિંગ તથા પુત્ર રાજ સિંગ તથા પુત્રી માનસી સિંગ મળી કુલ ત્રણ આશ્રિતો છે. પરંતુ, ગુજરનારનો પુત્ર પુખ્ત વયનો હોય અને નોકરી કરી જીવન ગુજારતા હોવાથી ગુજરનારની આવક પર નિર્ભર નહીં હોવાનું સોગંદનામાથી જાહેર કરેલ છે."

(૫) સમગ્ર કેસની હકીકત તથા રજુ થયેલા પુરાવા તથા ગુજરનારના પત્નીના આંક–૯ તથા આંક–૧૦ થી રજુ સોગંદનામા ધ્યાને લેતાં ગુજરનારના કાયદેસરના આશ્રિતોમાં ગુજરનારના પત્ની તથા એક સગીર પુત્રી મળી કુલ બે જ કાયદેસરના આશ્રિતો હોવાની હકીકત પુરાવા આધારે પુરવાર થાય

છે. આ સિવાય અન્ય કોઇ આશ્રિત હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં તમામ હકીકતો ધ્યાને લઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો વહેંચણીનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:- <u>આખરી હુકમ</u> -:-

| અ. નં. | આશ્રિતોનું નામ | ફાળવેલ રકમ રૂ. | એકા.પેઇ ચેકથી આપવાની રકમ રૂ. | એફ.ડી.માં રોકવાની રકમ રૂ. | મુદત/ વર્ષ/ માસ |
|---|---|---|---|---|---|
| ૧ | Soni Avdhesh Singh તે ગુજ. ની પત્ની, ઉ.વ. ૪૯ | **૨૨,૦૦,૦૦૦** | **૩,૫૦,૦૦૦** | **૧૮,૫૦,૦૦૦** | પાંચ વર્ષ |
| ૨ | Mansi Avdhesh Singh તે ગુજરનારની સગીર પુત્રી, ઉ.વ.૧૭ | **૧૫,૦૦,૦૦૦** | **–** | **૧૫,૦૦,૦૦૦** | પાંચ વર્ષ |
| | | **૩૭,૦૦,૦૦૦** | **૩,૫૦,૦૦૦** | **૩૩,૫૦,૦૦૦** | |

(૧) આશ્રિતોને એ.સી. પેઇના ચેકથી ચુકવવાની થતી રકમ યોગ્ય ઓળખાણ અને ધોરણસરની પહોંચ લઇ ચુકવવી.

(૨) એફ.ડી. માં રોકવાની થતી રકમ રાષ્ટ્રિયકૃત બેંકમાં સામાવાળા આશ્રિત તથા કમિશ્નરના સંયુક્ત નામે રોકવી. બેંકે એફ.ડી. ની અસલ રસીદ આશ્રિતોને સોંપવી તથા તેની ઝેરોક્ષ નકલ અત્રેની કચેરીમાં રજુ કરવી.

(૩) એફ.ડી. માં રોકેલ રકમ ઉપર બેંકે કોઇ લોન કે ધિરાણ કોર્ટના હુકમ વગર કરવું નહિં તેવો હુકમ કરવામાં આવે છે અને તે બાબતની યાદી બેંકને પાઠવવી.

(૪) હાલના હુકમ મુજબ કરવામાં આવેલ એફ.ડી. નું મળવાપાત્ર થતું ત્રિમાસીક વ્યાજ બેંકે સામાવાળા આશ્રિતોને બારોબાર ચુકવી આપવાનું રહેશે.

(૫) આશ્રિત નં–૨ કે જેઓ સગીર હોઈ જેથી તેઓને ચુકવવાની થતી વ્યાજની રકમ તેમના માતા આશ્રિત નં–૧ ને ચુકવવી.

(૬) સદર કામે અકસ્માત વળતરની રકમ રૂ.૩૭,૦૦,૦૦૦/– ની નામ. કોર્ટ દ્વારા એફ.ડી. કરવામાં આવેલ છે તે એફ.ડી. ઉપર જમા થયેલ વ્યાજની રકમ આ કામના આશ્રિત નં–૧ ને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) એફ.ડી. ની મુદત પુરી થયે જો પક્ષકાર નાણા ઉપાડવા ન આવે તો એફ.ડી. વધુ એક વર્ષ માટે ઓટો રીન્યુ કરવી અને નિયમોનુસાર વ્યાજનું ચુકવણું કરવું.

(૮) હુકમ આજરોજ તા.૧૫–૦૬–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬**
**સ્થળઃ ભરૂચ**

**(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**કામદાર વળતર ધારાના કમિશ્નર**
**મજુર અદાલત નં–૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર